# તંત્ર માટે ''એસિડ ટેસ્ટ'' સમાન સાબરકાંઠા-અરવલ્લીની ૫૫૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે સજ્જ થતું તંત્ર

## ૫ વર્ષ પછી ફરી બેલેટ પેપરથી મતદાન : ચૂંટણી અધિકારીઓને તાલીમનો દોર

બાયડ, તા. ૨૭

રાજ્યની મુદત પૂર્ણ કરતી તેમજ ખાલી પડેલ સરપંચ-વોર્ડ બેઠકની પેટા ચૂંટણી તા. ૧૯ ડિસેમ્બરના રોજ યોજાવાની છે ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની કુલ ૫૫૬ ગ્રામ પંચાયતોના ચૂંટણી જંગ માટે વહીવટીતંત્ર સજ્જ બનવાની સાથે ચૂંટણી અધિકારીઓને તાલીમનો દોર શરૂ થયો છે. તંત્ર માટે વર્તમાન ગ્રામ પંચાયતની ચૂંટણી ''એસિડ ટેસ્ટ'' સમાન બની રહેશે. વર્ષ ૨૦૧૬ પછી ફરી એકવાર ગ્રામ પંચાયતની ચૂંટણી બેલેટ પેપરથી યોજાશે જે વધુ ખર્ચાળ તેમજ સમયનો વધુ બગાડ થશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી અગાઉ આગામી તા. ૧૯ ડિસેમ્બરે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આગામી વિધાનસભા ચૂંટણીની સેમીફાઈનલ તરીકે ગણાઈ રહી છે. ભાજપા-કોંગ્રેસ દ્વારા પોતાના કાર્યકરો સરપંચ-વોર્ડમાં કેટલા જીત્યા તેના ગણિતના આધારે પ્રજાના મિજાજની પરખ કરશે. રાજ્યમાં સાગમટે ૧૦,૫૦૦ થી વધુ ગ્રામ પંચાયતોની એક સાથે ચૂંટણી યોજવામાં ઈ.વી.એમ. મશીન ઓછા હોવાથી ફરી એકવાર ગ્રામ પંચાયતની ચૂંટણી બેલેટ પેપરથી યોજવા સજ્જ ચૂંટણી આયોગ દ્વારા નિર્ણય લેવાયો છે. ગત તા. ૨૨ નવેમ્બરથી ચૂંટણી જાહેરનામુ અમલી બન્યુ છે. લગ્નસરાની સીઝન અત્યારે તો ભાવિ ઉમેદવારો માટે પ્રચારનું સ્થળ બની ગયું છે. ત્યારે વહીવટીતંત્રએ ગ્રામ પંચાયતોની ચૂંટણી નિર્ભીક અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે તૈયારી શરૂ કરી છે. જિલ્લાના ૧૪ તાલુકાની મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓને તાલીમ આપવાની શરૂઆત સાથે કદરૂપી મતપેટીઓ પણ રંગરોગાન થઈ નવવધૂની જેમ નવા સાજ સજી રહી છે. આ વખતનો ચૂંટણી જંગ વહીવટીતંત્ર માટે એસિડ ટેસ્ટ સમાન સાબિત થવાની છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં ભાજપાના તો ક્યાંક કોંગ્રેસના કાર્યકરો-આગેવાનો સામે સામે સરપંચ પદ માટે દાવેદારી નોંધાવતા પક્ષ સંગઠનની મુસીબતો વધી રહી છે.

# બાયડમાં બાયપાસ કે ઓવરબ્રિજ ? ફરી ચર્ચાઓ શરૂ

## નેશનલ હાઈવેની માપણીને લઈ ફરી મુદ્દો ચર્ચામાં

બાયડ, તા. ૨૭

મોડાસા-નડીયાદ સ્ટેટ હાઈવેને નેશનલ હાઈવેમાં રૂપાંતરીત કરવાની યોજના શરૂ થતાં બાયડમાં બાયપાસ કે ઓવરબ્રિજ ??? ની ફરી ચર્ચાઓ શરૂ થઈ છે. નેશનલ હાઈવેની માપણીને લઈ આ મુદ્દો હાઈવે સાઈડ ઉપર દુકાનો ધરાવતા વેપારીઓ માટે વધુ ચર્ચામાં છે. જો ઓવરબ્રીજ આવે તો અનેક દુકાનોની કિંમત તળીયે જવાનો ડર વેપારીઓ-શોપીંગ માલિકોને સતાવી રહ્યો છે.

સતત વાહનોની સંખ્યા વધતાં માર્ગો પહોળા કરવા તે વર્તમાન સમયની જરૂરીયાત છે. અગાઉ ૫ હજાર વાહનોની દૈનિક આવન-જાવનમાં જે રોડ હતો તેજ રોડ ૨૨૦૦૦ વાહનોની અવરજવર માટે હોવાથી ટ્રાફિક સમસ્યા માથાના દુઃખાવારૂપ બનીને રહી છે. જ્યારે ધનસુરા-બાયડ-ડેમાઈની મધ્યમાંથી સ્ટેટ હાઈવે પસાર થાય છે. નેશનલ હાઈવે ફોરલેન બને તો હયાત રોડમાં વધુમાં વધુ ૨૧ મીટરનો વધારો કરવો પડે અને જો તે કરવામાં આવે તો બાયડ-ધનસુરા-ડેમાઈમાં રોડ સાઈડે આવેલી મોટાભાગની દુકાનો ભૂતકાળ બનવાની સંભાવના છે. જ્યારે બાયડમાં હાઈવે ટચ જમીનનો કરોડો રૂપીયાનો ભાવ બોલાય છે. તે જોતાં બાયપાસ રોડ માટે તંત્રને જમીન સંપાદન કરવી અઘરી છે. કારણ કે સરકાર દ્વારા માત્ર જંત્રીનો ભાવ આપવામાં આવે તે ખેડૂતોને પરવડે તેમ નથી આ સંજોગોમાં એકમાત્ર ઓવરબ્રીજ બનાવવા સિવાય બીજો કોઈ યોગ્ય વિકલ્પ નથી. જો કે આર.એન્ડ.બી.ના સૂત્રોનું માનીએ તો બાયડમાં ઓવરબ્રીજ અંગે અમારી પાસે કોઈ જાણકારી નથી તેમ જણાવ્યુ હતુ.

# અરવલ્લીમાં બોગસ ખેડૂત બનાવવાનું કૌભાંડ ગમે તે ઘડીએ પ્રકાશમાં...

## ૨ નાયબ મામલતદાર-સર્કલ તપાસ પછી જેલમાં ધકેલાય તેવી સંભાવના વધુ

બાયડ, તા. ૨૭

અરવલ્લીમાં બોગસ ખેડૂત બનાવવાનું કૌભાંડ ગમે તે ઘડીએ પ્રકાશમાં આવવાની સંભાવના છે. આચરાયેલા કૌભાંડમાં બે નાયબ મામલતદાર તથા સર્કલ દોષિત સાબિત થશે તો ગમે તે ઘડીએ જેલમાં ધકેલાય તેવી સંભાવના વધુ છે.

જિલ્લામાં બોગસ ખેડૂત બનાવવાના પ્રકરણમાં અનેક સરકારી બાબુઓ માલામાલ થયેલા છે જ્યારે બોગસ ખેડૂતના મુદ્દે વિગતો માંગી કેટલાક પરાક્રમીઓ દ્વારા ભ્રષ્ટ અધિકારી અને બોગસ ખેડૂતોને ખંખેરવાના ખેલ શરૂ થયા છે ત્યારે જાણવા મળ્યા મુજબ અરવલ્લીના વડા મથકથી ૧૬ કિમી દૂર આવેલા વિસ્તારમાં બોગસ ખેડૂત બનાવવાની વિગતો માંડ માંડ બહાર આવી છે અને તેનો ધીમી ગતિએ તપાસનો ધમધમાટ શરૂ થયો છે. તે જોતા પ્રકરણ દબાવી દેવામાં નહી આવે તો અગાઉ ભુવાના ત્યાં દાણા જોવડાવવા ગયેલો વિક્રમ વેતાળ તથા ૨ નાયબ મામલતદારો સાણસામાં આવે તેવી દહેશત ઉભી થઈ છે. જ્યારે તપાસ દરમ્યાન અન્ય બોગસ ખેડૂતોનો પટારો પણ ખુલી શકે છે. જ્યારે સદર મામલતદાર કચેરી ભ્રષ્ટાચારમાં ખરડાયાની સાથે એ.સી.બી.એ પણ ત્યાં એકવાર લટાર મારી હોવાનું સંભળાઈ રહ્યું છે.

# બાયડ ઈરીગેશન કોલોની-વાત્રક સરકારી ગેસ્ટ હાઉસ કર્મચારી-લોક ઉપયોગી બનાવવા માંગ

## ઈરીગેશન કોલોનીના બંધ ક્વાટર્સ અન્ય સરકારી કર્મચારીને ફાળવો : વાત્રકના પ્રવાસન ધામ માટે ગેસ્ટહાઉસને ઉપયોગી બનાવો

બાયડ, તા. ૨૭

બાયડના ચોઈલા રોડ ઉપર આવેલ ઈરીગેશન કોલોનીના લાંબા સમયથી બંધ ક્વાટર્સ પ્રાંત, મામલતદાર, પી.એસ.આઈ., ટી.ડી.ઓ સહીતના અધિકારીઓને ફાળવવામાં આવે તો તેનો યોગ્ય ઉપયોગ થાય જ્યારે વર્ષોથી ખંડેર પડેલ વાત્રકનું સરકારી ગેસ્ટહાઉસ લોક ઉપયોગી બનાવવામાં આવે તો વાત્રકના પ્રવાસનધામ માટે રંગ લાવે તેવા અવલોકન શરૂ થયા છે.



જિલ્લા પંચાયત કે સ્ટેટ હસ્તકની ઈમારતો આખરે તો સરકારી ઈમારતો ગણાય પરંતુ સરકારનો એક વિભાગ બીજા વિભાગને ખંડેર પડી રહેલા ક્વાટર્સ અન્ય વિભાગને આપવામાં આંખ આડા કાન કરે છે. બાયડની ઈરીગેશન કોલોનીમાં ૭ થી વધુ ક્વાટર્સ અધિકારીઓને ફાળવવામાં આવે તો તેની યોગ્ય માવજત થવાની સાથે લાંબા સમય સુધી ઉપયોગી બની રહે. બાયડની ઈરીગેશન કોલોનીમાં કોઈ અધિકારીઓ વસવાટ કરતા નથી અને બાયડના અન્ય અધિકારીઓ ઉંચા ભાડાથી પણ રહેણાંક મકાન શોધી રહ્યા છે. આ સ્થિતિમાં આવા સુવિધાયુક્ત ક્વાટર્સ સરકારી અધિકારીઓને ફાળવે તો સરકારની તિજોરી ઉપર હાઉસિંગ એલાઉન્સનું ભારણ ઘટે.

જ્યારે વાત્રકમાં સુવિધાયુક્ત જનરલ હોસ્પિટલ તેમજ નજીકના ભવિષ્યમાં તેનો પ્રવાસધામ તરીકે વિકાસ થાય તેવી બ્લુ પ્રિન્ટ તૈયાર થઈ રહી છે. આ સંજોગે ખંડેર હાલતમાં સબડતું સરકારી ગેસ્ટહાઉસ ફરીથી ઉપયોગી બનાવવામાં આવે તો યાત્રાળુઓ તથા હોસ્પિટલના વિકાસમાં રૂચી રાખતા અન્ય રાજ્યના ભામાશાઓ માટે પણ રોકાવા માટેનું યોગ્ય સ્થળ બની રહે. બસ માત્ર દિર્ઘદષ્ટિની જ જરૂર છે. બિનઉપયોગી સરકારી ગેસ્ટહાઉસમાં રાત પડે કેવી લીલાઓ થતી હશે તે કહેવુ પણ મુશ્કેલ છે પરંતુ તેને લોકઉપયોગી બનાવવામાં આવે તો અનેક દૂષણ આપોઆપ દૂર થશે.



## જાયન્ટ્સ ગ્રુપ ઓફ બાયડ/સાહેલી બાયડ દ્વારા "સેનેટરી પેડ"નું વિતરણ

જાયન્ટસ્ પ્રમુખ ડૉ દેવમ સોની ની રાહબરી હેઠળ અને જાયન્ટસ સભ્ય હિરેનભાઈ શાહ ના (જન્મદિન નિમિત્તે) સહયોગથી "સેનેટરી પેડ" અને "વૃક્ષા રોપણ" અને "બિસ્કિટ" નું વિતરણ અમરગઢ પ્રા શાળા માં કરવામાં આવ્યું. તરૂણા અવસ્થા માં પ્રયાણ કરતી શાળા ની વિદ્યાર્થીનીઓને સેનેટરી પેડ નું વિતરણ કરવામાં આવ્યું તથા તેની સ્વચ્છતા અંગે અને તેનો નિકાલ કઇ રીતે કરવું તેની સમજ આપી હતી. "વૃક્ષ એજ જીવન" છે તે નારા હેઠળ વૃક્ષા રોપણ કરાવ્યું હતું. અને શાળા ના તમામ બાળકો ને બિસ્કિટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં (મુખ્ય શિક્ષક પાલડી પ્રા. શાળા) જાયન્ટ્સ પૂર્વ પ્રમુખ(એરિયા ચીફ) ધર્મેશ સોની, યુનિટ ડાયરેકટર ગીરીશ પટેલ, જાયન્ટ્સ સભ્ય હિરેન શાહ, જાયન્ટસ સભ્ય ગૌતમ જયસ્વાલ, પ્રા શિક્ષક હિતેશ પોકાર, પ્રા શિક્ષક પરેશ પટેલ, પ્રજ્ઞાબેન ઉપાધ્યાય, મહેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. અમરગઢ પ્રા શાળા ના મુખ્ય શિક્ષક રમાબેન જોષી અને શાળા પરિવારે આ કાર્યક્રમને બિરદાવ્યું હતું અને જાયન્ટ્સ ના તમામ સભ્યોનો આભાર માન્યો હતો.

# પ્રાંતિજ હરીઓમ પાર્ક સોસાયટીમાં સાપ ધુસી આવતા નાસભાગ મચી જવા પામી હતી

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ હરીઓમ પાર્ક સોસાયટી માં સાપ ધુસી આવતાં સોસાયટી ના રહિશો માં નાસભાગ મચી જવા પામી હતી તો સાપ પ્રેમી સુનિલ કડીયા ને જાણ કરતાં સાપ ને રેસ્ક્યુ કરી પકડી ને જંગલ મા છોડી મુકવામાં આવ્યો હતો.

પ્રાંતિજ એપ્રોરોચ રોડ ઉપર આવેલ હરીઓમ પાર્ક સોસાયટીમાં સાપ ધુસી આવતા સોસાયટી ના લોકો મા નાસભાગ મચી જવા પામી હતી તો ભય નો માહોલ જોવા મલ્યો હતો તો સોસાયટી ના રહીશો દ્વારા આ અંગેની જાણ સાપ મિત્ર સુનિલભાઈ કડીયા ને કરાતા તેવો તાત્કાલિક હરીઓમ પાર્ક સોસાયટી ખાતે દોડી આવ્યા હતાં અને રેસ્ક્યુ કરી ને સાપ ને પકડી પાડયો હતો તો સોસાયટી ના રહીશોએ હાશકારો લીધો હતો તો રેસ્કયુ દ્વારા પકડાયેલ સાપ ને જગલ વિસ્તાર મા છોડી મુકવામાં આવશે.

# કેમેરામેનની ઉંઘ હરામ, લગ્નનો અવસર જેમાં કંડાર્યો તે કેમેરા ચોરાયા

## હમીરગઢ પાસે કારમાં લીફ્ટ માગવાના બહાને ૧.૪૬ લાખના કેમેરા સહિતના સામાનની ચોરી : હાથ ઉંચો કરતાં કારમાં બેસાડવાનો પ્રયાસ ભારે પડ્યો

બાયડ, તા. ૨૬

હિંમતનગર તાલુકાના કૂંપ ગામના કેમેરામેનને પોતાની કારમાં અજાણ્યા ઈસમને લીફ્ટ આપવાની મોટી કિંમત ચૂકવવાનો વારો આવ્યો છે. કારમાં લીફ્ટ આપતાં દરવાજો ખોલી કેમેરા અને અન્ય સામાન સહિત રૂ. ૧.૪૬ લાખનો મુદ્દામાલ લઈ તસ્કર બાઈક ઉપર બેસી ફરાર થઈ જતાં ગાંભોઈ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. કેમેરામેને આગીયોલ ગામમાં લગ્નનો અવસર કેમેરામાં કંડાર્યો હતો તે કેમેરા ગુમ થઈ જતાં કેમેરામેન સાથે લગ્નના યજમાનની ઉંઘ હરામ થઈ છે.

પ્રાપ્ત જાણકારી મુજબ હિંમતનગર તાલુકાના કૂંપ ગામના ફોટોગ્રાફર રાહુલ ગીરીશભાઈ વણકર તા. ૧૬ના રોજ આગીયોલ ગામે લગ્નનો ઓર્ડર પતાવી સમી સાંજે અલ્ટ્રો કાર લઈ ઘર તરફ નિકળ્યા હતા જે સમયે નેશનલ હાઈવે ૮ ઉપર હમીરગઢના પાટીયા પાસે એક ઈસમે લીફ્ટ માગવાના બહાને હાથ ઉંચો કર્યો છે હતો જેથી ફોટોગ્રાફરે કાર થોભાવી પાછળની સીટનો દરવાજો ખોલતાની સાથે અજાણ્યો ઈસમ કારમાંથી કેમેરા તેમજ અન્ય કેમેરાની એસેસરી સહિતનો સામાન ભરેલો થેલો લઈ ભાગ્યો હતો. ફોટોગ્રાફર તેનો પીછો કરે તે અગાઉ અજાણ્યા તસ્કર અન્ય બાઈક ઉપર રફુચક્કર થઈ ગયો હતો. તસ્કરીના બનાવને આયોજનબદ્ધ રીતે અંજામ આપવામાં આવતાં ટોગ્રાફર અવાચક બની ગયો હતો. લગ્નની ખરી સીઝનમાં જ કેમેરા સહિતના અન્ય સામાન્ય ચોરાઈ જતાં પોલીસ ફરિયાદ થઈ છે.

### શું ચોરાયું...

કેમેરા રૂ. ૯૨,૦૦૦
કેમેરાની એસેસરીઝ, બેટરી - રૂ. ૧૬,૦૦૦
અન્ય એસેસરીઝ - રૂ. ૬૮,૫૦૦

### આગીયોલ ગામમાં એક પરિવારના દિકરા-દિકરીના લગ્નનું શુટીંગ કર્યું

લગ્નના અવસરમાં કેમેરો બગડે તો યજમાનો તેમજ વર-કન્યા પક્ષની ઉંઘ હરામ થઈ જાય પરંતુ લગ્નના અવસર જે કેમેરામાં કંડાર્યા હોય તે ચોરાઈ જાય તો પ્રસંગ પાછળ કરેલો ખર્ચ પણ ફોગટ જતો હોય છે. તાલુકાના આગીયા ગામના કિરણભાઈ હીરાભાઈ ઓડના દિકરા-દિકરીના લગ્ન હતા અને કૂંપ ગામના કેમેરામેનને ઓર્ડર મળ્યો અને બોર્ડર પતાવી પરત જતા હતા ત્યારે કારમાં લીફ્ટ લેવાના બહાને ગઠીયા ગેંગ કેમેરા ચોરી ફરાર થઈ જતાં મોડ પરિવાર માટે પણ વિકટ સ્થિતિ સામે આવી છે.

# ગ્રામ પંચાયતની ચૂંટણી સંદર્ભે અરવલ્લી જિલ્લા નોડલ અધિકારીઓની બેઠક

બાયડ તા.૨૭

રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયત ચૂંટણી ડિસેમ્બર-૨૦૨૧ નો કાર્યક્રમ જાહેર થયેલ છે કાર્યક્રમ અનુસાર અરવલ્લી જિલ્લામાં પણ ૨૩૧ ગ્રામ પંચાયતો પર ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણીશાંતિપૂર્ણ અને ન્યાયી રીતે યોજાય તે માટે નિવાસી અધિક કલેકટરશ્રી પ્રદિપસિંહ રાઠોડ અરવલ્લીના અધ્યક્ષતામાં અરવલ્લી, જિલ્લા કલેકટર કચેરી ખાતે નોડલ અધિકારીશ્રીઓની એક બેઠક યોજવામાં આવી હતી.

બેઠકમાં અધ્યક્ષશ્રીએ રાજય ચૂંટણી આગોગ દ્વારા સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂ;ટણી માટે નકકી કરવામાં આવેલ આદર્શ આચાર સંહિતાનું અધિકારીઓ / ઉમેદવારો રાજકીય પક્ષો/મીડીયા દ્વારા ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવા, આચારસંહિતાના અમલીકરણ માટેની રચના, ગ્રામ પંચાયત સામાન્ય/ મધ્યસત્ર /પેટા ચૂંટણી ના જાહેરનામા તૈયાર કરવા, વિવિધ પ્રકારની તાલીમ આપી માસ્ટર્સ ટ્રેનર્સ તૈયાર કરવા ચૂંટણી વિષયક તમામ તૈયારીના સુપરવીઝનની કામગીરી કરવા, ગ્રામ પંચાયતોના મતદાન મથક/ મતગણતરી સ્થળ સંવેદનશીલ/ અતિ સંવેદનશીલ મતદાન મથકો ઉપર યોગ્ય પોલીસ બંધોબસ પુરો પાડવા અંગીની કામગીરી, ઓબ્ઝર્વર્સ લાયઝનીંગ કામગીરી મતદાર જાગૃતિ કાર્યક્રમ કરી મતદારોને મત આપવા જાગૃત કરવા, ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ પ્રકારની ડેટા એન્ટ્રી અંગેની વિવિધ કામગીરી, ચૂંટણી સમય દરમ્યાન આવેલ ચૂંટણી લગતી તમામ ફરિયાદો /પ્રશ્નોનું તુરતજ નિરાકરણ કરવુ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, પ્રમુખ અધિકારીશ્રી, મતદાન અધિકારીશ્રી,સેકટર ઓફિસરશ્રી ઝોનલ ઓફિસરશ્રીને આદર્શ આચારસંહિતા વિશે માહિતી આપવી, પોસ્ટલ બેલેટ / બેલેટ પેપર /ડમી બેલેટ પેપરને લગતી કામગીરી કરવા તથા મીડીયા મેનેજમેન્ટની કામગીરી કરવા મતદાન મથકોને લગતી કામગીરી કરવા અને તમામ મતદાન મથકોએ ફર્સ્ટ ઈએડની કીટ તથા ર્ઙ્ઘૈંઙ્ઘ-૧૯ ને લગતી તમામ કામગીરી કરવા જરૂરી સૂચનાઓ આપી હતી.

# ૭/૧૨, ૮-અ તેમજ જુના ઉતારા ક્યુઆર કોડ સાથે ઓનલાઈન

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૧.૫૦ લાખ ખેડૂતોમાં સરકારના નિર્ણયથી ખુશાલી : વચેટીયા તેમજ પંચાયતના કર્મચારીઓને કરગરવામાંથી મુક્તિ

બાયડ, તા. ૨૭

રાજ્ય સરકારે ઈ-ધરા કેન્દ્રમાંથી ઉપલબ્ધ થતા ગામના નમૂના-૬, ૭/૧૨, ૮-અ ની ઈ-સાઈન અને ઈ-સીલ દ્વારા પ્રમાણિત કરેલી કોમ્પ્યુટરરાઈઝ નકલો ક્યુઆર કોડ સાથે ઓનલાઈન પોર્ટલ ઉપર ઉપલબ્ધ કરતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧,૫૦,૦૦૦ થી વધુ ખેડૂતોમાં સરકારના નિર્ણયથી ખુશાલી છવાઈ છે. ઉતારા લેવા માટે વચેટીયાઓને ચા-પાણીનો ખર્ચો આપવો પડતો હતો અને કરગરવું પડતું હતું તેમાંથી પણ સરકારના એકજ નિર્ણયથી ખેડૂતોને મુક્તિ મળી છે.

રાજ્યની ભાજપ સરકાર દ્વારા ખેડૂત અને પ્રજાલક્ષી નિર્ણયો લેવાતાં નવી સરકારની છબી દિવસે-દિવસે વધુ લોકપ્રિય થઈ રહી છે. મહેસૂલી કાયદાઓમાં અનેક સુધારા ટૂંકમાં આવી રહ્યા છે. જયારે સરકારના મહેસૂલ વિભાગ દ્વારા તા.૧૮ નવેમ્બર-૨૦૨૧ના રોજ પરીપત્ર કરી કોમ્પ્યુટરાઈઝ જનરેટ થતા મહેસૂલી દસ્તાવેજોનો ઈ-સાઈન અને ઈ-સીલનો અમલ કરવા જણાવ્યું હતું. જે સંદર્ભે બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, હિંમતનગર, પ્રાંતિજ અને તલોદ તાલુકાના મામલતદારોને પણ ઈ-સાઈન અને ઈ-સીલનો ઉપયોગ કરવા અધિકૃત કરવામાં આવ્યા હતા અને તે મુજબ હવે પ્રમાણિદત કરેલી કોમ્પ્યુટરાઈઝ નકલો ખેડૂતોને ઓનલાઈન પોર્ટલ પર નક્કી કરેલ યોગ્ય ફી ભરીને મામલતદાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ ગામ-નમૂના ૬, ૭/૧૨ અને ૮-અ ની ઈ-સાઈન અને ઈ-સીલ વાળી ક્યુઆર કોડ સાથેની નકલો અધિકૃત નકલ ગણાશે અને તે અલગથી ઈ-ધરા કેન્દ્ર ખાતે જઈ મામલતદાર પાસે પ્રમાણિત કરવાની જરુર ન હોવાનું પણ જણાવવામાં આવ્યું છે. નકલની અધિકૃતતાની ખાત્રી ઓનલાઈન કરી શકાય તે માટે દરેક નકલ ઉપર ક્યુ.આર. કોડ પણ લગાડવાનો રહેશે.

# ડીસાના ભોંયણ ગામે સામાન્ય બાબતમાં મહિલાને માર માર્યો

ડીસા નજીક આવેલા જુના ભોંયણ ગામે રહેતા મનુભાઈ સોમાભાઈ પટણી પરિવાર સાથે રહે છે અને ગાડી રીપેરીંગનું કામ કરે છે ગતરોજ સાંજના સુમારે તેઓ પોતાના ઘરે હતા તે દરમિયાન ગામના જ તેમના સગા એવા નારણભાઈ જેઠાભાઈ પટણી ,પ્રકાશભાઈ નારણભાઈ પટણી અને નારણભાઈ સોમાભાઈ પટણી ત્યાં આવેલ અને મનુભાઈને 'તું શેના ગાડી રીપેરીંગના પૈસા માંગે છે?' તેમ કહી મા- બેન સામે ભૂંડી ગાળો બોલવા લાગેલ. જેથી મનુભાઈના પત્ની ગીતાબેને ગાળો બોલવાની ના પાડતા ત્રણ ઉશ્કેરાઈ ગયેલા અને હાથમાં રાખેલા ધોકા અને પાઈપ વડે ગીતાબેનને આડેધડ મારવા લાગેલ. ગીતાબેને બુમો પાડતા આસપાસમાં રહેતા તેમના દીકરા રાજુભાઈ દોડી આવેલા અને ગીતાબેનને મારમાંથી છોડાવેલા. જોકે જતા જતા આ ત્રણેય જણાએ ગીતાબેનને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# ગ્રામ પંચાયતની બેદરકારી સામે રોષ

## દાવલીમાં વોટરવર્કસની ટાંકી સાફ ના થતાં રોગચાળાની દહેશત : વોટરવર્કસ, બોર આસપાસ અસહ્ય ગંદકી

બાયડ, તા. ૨૭

મોડાસા તાલુકાના દાવલીમાં વોટરવર્કસની પાણીની ટાંકી સાફ ન થતાં પ્રજા રોગચાળાનો ભોગ બને તેવી દહેશત છે. વોટરવર્કસ તેમજ બોર આસપાસ પારાવાર ગંદકી છતાં સ્થાનિક ગ્રામ પંચાયતના સત્તાધિશો કુંભકર્ણની નિંદ્રામાં પોઢી જતાં પ્રજાના આરોગ્ય સામે જોખમ ઉભું થયું છે.

પ્રજાને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તેવા સરકારના પ્રયત્નો રહ્યા છે છતાં કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયતના સત્તાધિશોની બેદરકારીથી પ્રજા પાણીના સ્વરૂપમાં ધીમું ઝેર પીવા માટે મજબૂર બની છે. વોટર વર્કસની નિયમિત સફાઈ થતી ન હોવાના કારણે ગામડાઓમાં સમયાંતરે કમળા સહિતના પાણીજન્ય રોગના કેસ બહાર આવતા હોય છે.

તાલુકાના દાવલી ગ્રામ પંચાયતના સત્તાધિશો વોટરવર્કસની પાણીની ટાંકીને સાફ કરવાનું ભૂલતાં દોઢ વર્ષથી સાઈ થઈ ન હોવાની વિગતો સામે આવી છે. અગાઉ ટાંકી દ્વારા પ્રજાના ઘર સુધી પહોંચતા પીવાના પાણીમાં મૃત પક્ષીઓનાં પીંછા તેમજ લીલ નિકળતાં હોવાની જરિયાદ સત્તાધિશો સમક્ષ કરવામાં આવી હતી પરંતુ કોઈ સુધાર આવ્યો નથી જેના દ્વારા પ્રજાને રોગચાળાને નિમંત્રણ આપે તેવું પાણી પીવાની ફરજ પડી રહી છે.

### સત્તાધિશોની બેદરકારી બિમારી નોંતરશે

દાવલી ગામના વાસુરાજ પ્રણામીએ જણાવ્યું કે દર પખવાડીયે વોટરવર્કસના પાણીમાં ક્લોરીનેશન કરવાનું હોય છે તે પણ કરાતું નથી. પાણીની ટાંકીની આસપાસ ગંદકીના થર જામ્યા છે, ઠેક-ઠેકાણે વાલ લીકેજ છે જેથી પીવાનું પાણી દૂષિત બનતાં ગામમાં ઝાડા-ઉલટીનો રોગચાળો વકરે તેવી દહેશત છે.

